eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 184
June 19, 2009

## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૨૩–૦૬–૨૦૦૯ ના રોજ રંગપૂરણી તથા સર્જનાત્મક કામગીરી(વેસ્ટમાંથી બેસ્ટ) સ્પર્ધાનું આયોજન

ગુજરાત રાજયની સ્થાપનાના ૫૦ –વર્ષ સને. ૨૦૧૦માં પૂર્ણ થતા હોઈ,સરકારશ્રીએ વર્ષ –૨૦૧૦ ને ગુજરાત રાજયની સ્થાપનાની જયંતિ વર્ષ તરીકે ઉજવવાનું નકકી કરેલ છે. જે અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા તા. ૨૩–૦૬–૨૦૦૯ ના રોજ રંગપૂરણી તથા સર્જનાત્મક કામગીરી(વેસ્ટમાંથી બેસ્ટ) સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા ઓગષ્ટ–સપ્ટેમ્બરમાસમાં યોજવામાં આવેલ ૩૭ મી નાટય સ્પર્ધા

સુરત મહાનગરપાલિકા દ્વારા ૩૭ મી નાટય સ્પર્ધા ઓગષ્ટ–સપ્ટેમ્બર માસમાં યોજવામાં આવનાર છે. આ નાટય સ્પર્ધામાં સુરત શહેરની નાટય સંસ્થાઓ તથા કલાકારો ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા અંગેના પ્રવેશપત્રો સુરત મહાનગરપાલિકાના સાંસ્કૃતિક વિભાગ, ન.પ્રા. શાળા નં.૧૪૨, સીલ્ક માર્કેટની સામે, મેમણહોલની બાજુમાં ચોકબજાર, સુરત ખાતેથી ઓફિસ દરમ્યાન મળશે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ –વેસ્ટ (અઠવા ) ઝોન ની કામગીરી

સાઉથ–વેસ્ટ(અઠવા) ઝોન વિસ્તારમાં તા. ૧૧–૦૬ –૦૯ ના રોજ બપોરે ૪.૦૦ કલાક બાદ દબાણ હટાવવાની ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હતી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## "મેલેરિયા વિરોધી માસ"

સુરત મહાનગર પાલિકાના વિવિધ વિસ્તારોમાં મેલેરીયા, ડેંગ્યુ, ચીકનગુનિયા જેવા મચ્છર જન્ય રોગો વિશે આરોગ્ય શિક્ષણ મારફતે જનજાગૃતિ કેળવી મચ્છર જન્ય રોગોના અંકુશ માટે લોક સહકાર મેળવવાના પ્રયત્નો દર વર્ષે અમલમાં મુકવામાં આવે છે. ભારત સરકારનાં આરોગ્ય મંત્રાલય દ્વારા જુન માસને "મેલેરિયા વિરોધી માસ" તરીકે ઉજવવાનું નકકી કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ–ઈસ્ટ (લિંબાયત) ઝોનની કામગીરી

સુરત મહાનગરપાલિકાના સાઉથ–ઈસ્ટ (લિંબાયત) ઝોન વિસ્તારમાં આવેલ ટી.પી. સ્કીમ નં. : ૮ (ઉમરવાડા) ના ફા. પ્લોટ નં.: ૧૪૩ પૈકીની રીંગરોડને લાગીને તથા સુરત ટેક્ષટાઈલ માર્કેટની બાજુમાં આવેલ આશરે ૧૧,૩૦૦ ચો.ફુટ જગ્યા સુરત મહાનગરપાલિકા દ્વારા ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિ.ને ભાડાપટ્ટેથી ફાળવવામાં આવેલ હતી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## આરોગ્ય ખાતાની કામગીરી

મે. કમિશ્નરશ્રીના આદેશાનુસાર અને આરોગ્ય અધિકારીશ્રીના માર્ગદર્શન અને સુચના મુજબ મહાનગરપાલિકાના તમામ ઝોન વિસ્તારોમાં આવેલ ખાદ્ય પદાર્થ વેચાણ કરતી સંસ્થાઓ અને ખાણી પીણીની લારીઓનું ઘનિષ્ઠ ચેકીંગ જે તે ઝોનના નાયબ આરોગ્ય અધિકારીશ્રી અને તેમના સ્ટાફ દ્વારા કરવામાં આવેલ.જેમાં આરોગ્ય વિષયક કાળજી ન લેનાર સંસ્થાઓ/ખાણીપીણીની લારીઓ સામે નીચે મુજબ ની કામગીરી કરવામાં આવેલ અને વહીવટી ચાર્જ વસુલ લેવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## આરોગ્ય ખાતાની કામગીરી

મે. કમિશ્નરશ્રીના આદેશાનુસાર અને આરોગ્ય અધિકારીશ્રીના માર્ગદર્શન અને સુચના મુજબ તારીખ ૧૫–૦૬–૨૦૦૯ના રોજ મહાનગરપાલિકાના તમામ ઝોન વિસ્તારોમાં આવેલ ખાદ્ય પદાર્થ વેચાણ કરતી સંસ્થાઓ અને ખાણી–પીણીની લારીઓનું ઘનિષ્ઠ ચેકીંગ જે તે ઝોનના નાયબ આરોગ્ય અધિકારીશ્રી અને તેમના સ્ટાફ દ્વારા કરવામાં આવેલ. જેમાં આરોગ્ય વિષયક કાળજી ન લેનાર સંસ્થાઓ/ખાણીપીણીની લારીઓ સામે નીચે મુજબ કામગીરી કરવામાં આવેલ અને વહીવટી ચાર્જ વસુલ લેવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૨૩–૦૬–૨૦૦૯ ના રોજ રંગપૂરણી તથા સર્જનાત્મક કામગીરી(વેસ્ટમાંથી બેસ્ટ) સ્પર્ધાનું આયોજન

ગુજરાત રાજયની સ્થાપનાના ૫૦ –વર્ષ સને. ૨૦૧૦માં પૂર્ણ થતા હોઈ,સરકારશ્રીએ વર્ષ –૨૦૧૦ ને ગુજરાત રાજયની સ્થાપનાની જયંતિ વર્ષ તરીકે ઉજવવાનું નકકી કરેલ છે. જે અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા તા. ૨૩–૦૬–૨૦૦૯ ના રોજ રંગપૂરણી તથા સર્જનાત્મક કામગીરી(વેસ્ટમાંથી બેસ્ટ) સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. રંગ પુરણી સ્પર્ધામાં ઉધના ઝોન હદ વિસ્તારની ખાનગી/ ન. પ્રા. શાળાના ધોરણ ૪ અને ૫ના બાળકો/વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ તથા સર્જનાત્મક કામગીરી (વેસ્ટ માંથી બેસ્ટ) સ્પર્ધામાં માધ્યમિક/ ઉચ્ચ. માધ્યમિક શાળાના ૧૪ થી ૨૦ વર્ષના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ તથા ઉધના ઝોન વિસ્તારમાં રહેતા ૨૦ વર્ષથી વધુ વયના યુવક–યુવતીઓ ભાગ લઈશકશે. સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશ ફોર્મ સાંસ્કૃતિક વિભાગ, નં. પ્રા. શાળાક્રમાંક–૧૪૨ ,સીલ્ક માર્કેટની સામે, મેમણ હોલની બાજુમાં,ચોકબજાર, સુરત ખાતેથી તા. ૨૦–૦૬–૨૦૦૯ સુધીમાં ઓફિસ સમય દરમ્યાન મેળવી પ્રવેશપત્ર સાથે જન્મનો દાખલો, સ્કુલ લીવીંગ સર્ટીફિકેટ અથવા અન્ય પુરાવાની સર્ટીફાઈડ કોપી સહિત પરત કરવાના રહેશે.

TOP

## સુરત મહાનગરપાલિકા ધ્વારા ઓગષ્ટ–સપ્ટેમ્બરમાસમાં યોજવામાં આવેલ ૩૭ મી નાટય સ્પર્ધા

સુરત મહાનગરપાલિકા દ્વારા ૩૭ મી નાટય સ્પર્ધા ઓગષ્ટ–સપ્ટેમ્બર માસમાં યોજવામાં આવનાર છે. આ નાટય સ્પર્ધામાં સુરત શહેરની નાટય સંસ્થાઓ તથા કલાકારો ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા અંગેના પ્રવેશપત્રો સુરત મહાનગરપાલિકાના સાંસ્કૃતિક વિભાગ, ન.પ્રા. શાળા નં.૧૪૨, સીલ્ક માર્કેટની સામે, મેમણહોલની બાજુમાં ચોકબજાર, સુરત ખાતેથી ઓફિસ દરમ્યાન મળશે. નાટયસ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતી સંસ્થાઓએ પ્રવેશ પત્ર સાથે રૂા.૧૦૦૦/– ની ડિપોઝીટનો ચેક તથા નાટયકૃતિની એક કોમ્પ્યુટરરાઈઝડ હાર્ડ કોપી તથા સોફટ કોપી(સીડી) પ્રવેશ ફોર્મ સાથે તા. ૨૫–૦૬–૨૦૦૯ સુધી સાંજે ૫.૦૦ કલાક સુધીમાં સાંસ્કૃતિક વિભાગમાં મોકલી આપવાના રહેશે. અધુરી વિગતવાળા પ્રવેશપત્રો રદ થવાને પાત્ર રહેશે.

TOP

## સાઉથ –વેસ્ટ (અઠવા ) ઝોન ની કામગીરી

સાઉથ–વેસ્ટ(અઠવા) ઝોન વિસ્તારમાં તા. ૧૧–૦૬ –૦૯ ના રોજ બપોરે ૪.૦૦ કલાક બાદ દબાણ હટાવવાની ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હતી. આ અભિયાન હેઠળ સીટી લાઈટ રોડ ચાર રસ્તા થી રાણી સતી મંદિર સુધીના રસ્તા પર ઉભા રહેતા શાકભાજી–ફળની લારીઓ નજીકમાં આવેલ મયુનિ. શાક માર્કેટ હોવા છતા જાહેર રસ્તાઓ પર લારી–ગલલાનું દબાણ કરી ધંધો કરતા હતા આવા તમામ દબાણકર્તાઓને બળપૂર્વક હટાવી નજીકના સીટી લાઈટ શાક માર્કેટમાં ખસેડવામાં આવ્યા.

આ ઉપરાંત સીટી લાઈટ રોડપર બેંક ઓફ બરોડા પાસેના ચાર રસ્તા, નુપુર હોસ્પિટલ, સાયન્સ સેન્ટર પાસેના ચાર રસ્તા તેમજ જાની ફરસાણની ગલીમાં આવેલા તરોફાવાળા તેમજ લારીવાળાઓના દબાણ હટાવવામાં આવ્યા. ભટાર રોડ પર ઉમાભવનની ગલી, અર્જુન કોમ્પ્લેક્ષ –પુનમનગરની ગલી વિસ્તારમાંથી ફળ–શાકભાજીવાળાની લારી–પાથરણા તેમજ અન્ય ધંધા કરનારા દબાણ ઉઠાવવામાં આવ્યા. સીટી લાઈટ વિસ્તારમાં આવેલ જોગીંગ ટ્રેક પરના દબાણ હટાવવામાં આવ્યા.

આ દબાણ હટાવ અભિયાનમાં કુલ–૫૭ ખુલલી લારી, ૧૦ બંધ લારી, ૩ કાઉન્ટર, ૧ છાપરાવાળી લારી, ૧ લાંબાં ટેબલ તથા ૨૫ નંગ પાથરણા ઉઠાવી લેવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી સાઉથ–વેસ્ટ (અઠવા) ઝોનના તમામ ઈજનેરશ્રીઓ, શહેર વિકાસ ખાતાના તમામ જુ. ઈજનેર/ આસી. ઈજનેરશ્રી ઝોનનો દબાણ સ્ટાફ, ૨૫ હંગામી બેલદારો, આરોગ્યના ૪ ટ્રેકટરો, તમામ સબ ઝોનની એક લેખે કુલ–૪ (ચાર) ટ્રક સાથે દબાણ હટાવવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

TOP

## ''મેલેરિયા વિરોધી માસ''

સુરત મહાનગર પાલિકાના વિવિધ વિસ્તારોમાં મેલેરીયા, ડેંગ્યુ, ચીકનગુનિયા જેવા મચ્છર જન્ય રોગો વિશે આરોગ્ય શિક્ષણ મારફતે જનજાગૃતિ કેળવી મચ્છર જન્ય રોગોના અંકુશ માટે લોક સહકાર મેળવવાના પ્રયત્નો દર વર્ષે અમલમાં મુકવામાં આવે છે. ભારત સરકારનાં આરોગ્ય મંત્રાલય દ્વારા જુન માસને ''મેલેરિયા વિરોધી માસ'' તરીકે ઉજવવાનું નકકી કરવામાં આવેલ છે.

જેના અનુસંધાનમાં તા. ૧૨/૦૬/૦૯ ના રોજ સાઉથ ઝોન (ઉધના) દ્વારા મેલેરીયા, ડેંગ્યુ, ચીકનગુનિયા વગેરે વેકટર બોર્ન રોગો અંગે જનજાગૃતિ કેળવાય અને લોકોનો સાથ સહકાર મળી રહે તે માટે એક રેલીનું ઝોનલ ઓફીસરશ્રી કે.એસ. દેસાઈના અધ્યક્ષ સ્થાન હેઠળ આયોજન કરેલ હતું. આ જનજાગૃતિ રેલીમાં ઝોનના મ્યુ. સભ્યશ્રી સિધ્ધાર્થ ભાઈ સરદાર (સ્લમ ઈમ્પ્રુવમેન્ટ સેલ સમિતિના અધ્યક્ષ) , શ્રીમતિ નયનાબેન નાયક (ઉદ્યાન સમિતીના ચેરમેન), શ્રી ભરતભાઈ પાટીલ, શ્રી રામપ્યારે શર્મા, શ્રી કાંતિભાઈ જોષી, શ્રી રાજુભાઈ પટેલ તથા નાયબ આરોગ્ય અધિકારી ડો.એચ.સી ભટ્ટ, ઈ.ચા. જંતુનાશક ધિકારી ડૉ. કે.જી. વૈષ્ણવ, આસી. જંતુનાશક અધિકારી શ્રી કે.બી. દેસાઈ સહિત ઝોનના આરોગ્ય નિરીક્ષક, મદદનીશ આરોગ્ય નિરીક્ષક, પ્રાયમરી હેલ્થ વર્કર, મુકાદમો તથા તમામ કામદારો તેમજ સનગ્રેસ શાળા અને નવદિપ વિદ્યાલય તથા શારદા વિદ્યાલયના શિક્ષકગણ અને આશરે ૬૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લઈ રેલીને સફળ બનાવી હતી. શાળાના વિદ્યાર્થીઓ તેમજ પ્રાયમરી હેલ્થ વર્કરોએ મેલેરિયા, ડેંગ્યુ, ચીકનગુનિયા, ફાઈલેરિયા વગેરે રોગોથી બચવા લેવા જોગ પગલાં અંગે બેનરો, સુત્રોચ્ચાર તથા પેમ્પલેટ વિતરણથી જાહેર જનતાને આરોગ્ય શિક્ષણ આપ્યું હતું.

સદર રેલી પાંડેસરા વોર્ડ ઓફિસથી પિયુષ પોઈન્ટ થઈ ગુજરાત હાઉસીંગ બોર્ડના વિસ્તારોમાંથી પરત પાંડેસરા વોર્ડ ઓફિસે પૂર્ણ કરવામાં આવેલ હતી. અંતે ઝોનલ ઓફિસરશ્રી અને નાયબ અધિકારશ્રીએ સૌનો આભાર માન્ય હતો.

TOP

## સાઉથ–ઈસ્ટ (લિંબાયત) ઝોનની કામગીરી

સુરત મહાનગરપાલિકાના સાઉથ–ઈસ્ટ (લિંબાયત) ઝોન વિસ્તારમાં આવેલ ટી.પી. સ્કીમ નં. : ૮ (ઉમરવાડા) ના ફા. પ્લોટ નં.: ૧૪૩ પૈકીની રીંગરોડને લાગીને તથા સુરત ટેક્ષટાઈલ માર્કેટની બાજુમાં આવેલ આશરે ૧૧,૩૦૦ ચો.ફુટ જગ્યા સુરત મહાનગરપાલિકા દ્વારા ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિ.ને ભાડાપટ્ટેથી ફાળવવામાં આવેલ હતી. જેના પટ્ટા /લીઝની મુદત પૂર્ણ થતા ભાડા કરારની શરતો મુજબ પટ્ટો રીન્યુ કરવાનો થતો હતો. પ્રશ્નવાળી મિલ્કતનો કબ્જો પરત મેળવવા સુરત મહાનગરપાલિકા દ્વારા તજવીજ હાથ ધરવામાં આવતા ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન, તેના ડીલર ઈમલાના કબ્જેદારો તથા હિત ધરાવતા ઈસમો દ્વારા રજુઆતો તથા કોર્ટ પ્રકરણો કરવામાં આવ્યા હતા. પરંતુ, રીન્યુઅલની શરતો /કિંમત/ભાડા બાબતે સંમતિ ન સધાતા પટ્ટા/લીઝ રીન્યુ કરવામાં આવેલ ન હતી. તેમજ મહાનગરપાલિકા દ્વારા મિલ્કતનો કબ્જો પરત લેવા નિર્ણય કરવામાં આવેલ. કબ્જો પરત લેવા બાતે લીઝ/હોલ્ડર/કબ્જેદારો સાથે નોટિસ /કાર્યવાહી કરીને પ્રકિયા પૂર્ણ કરવામાં આવેલ તેમજ સદર જગ્યાનો પ્રત્યક્ષ કબજો પરત મેળવવા માટે તા. ૧૬–૦૬–૨૦૦૯ ના સુરત મહાનગરપાલિકાના ટાઉન પ્લાનીંગ ખાતા તથા લિંબાયત ઝોન કચેરીના સ્ટાફ દ્વારા સંયુકત કાર્યવાહી કરવામાં આવેલ. પ્રશ્નવાળી જમીનનો તથા તેના ઉપર ઉભેલ બંધ હાલતના પેટ્રોલ પંપો તથા તેના ઉપર આવેલ ૩૫૫૦ ચો.ફુટ ક્ષેત્રફળ ધરાવતી પાકી આર.સી.સી. ફ્રેમ સ્ટ્રકચરવાળી ગ્રાઉન્ડ તથા પ્રથમ માળ સહિતની સ્થાવર મિલકતમાં આવેલ ઓફિસો, ગોડાઉનો તથા તેમાં જમા પરચૂરણ માલ સામાન/ ચીજ વસ્તુઓ સહિતનો પ્રત્યક્ષ કબ્જો સુરત મહાનગરપાલિકાએ હસ્તગત કરેલ છે.

TOP

## આરોગ્ય ખાતાની કામગીરી

મે. કમિશનરશ્રીના આદેશાનુસાર અને આરોગ્ય અધિકારીશ્રીના માર્ગદર્શન અને સુચના મુજબ મહાનગરપાલિકાના તમામ ઝોન વિસ્તારોમાં આવેલ ખાદ્ય પદાર્થ વેચાણ કરતી સંસ્થાઓ અને ખાણી પીણીની લારીઓનું ઘનિષ્ઠ ચેકીંગ જે તે ઝોનના નાયબ આરોગ્ય અધિકારીશ્રી અને તેમના સ્ટાફ દ્વારા કરવામાં આવેલ.જેમાં આરોગ્ય વિષયક કાળજી ન લેનાર સંસ્થાઓ/ખાણીપીણીની લારીઓ સામે નીચે મુજબ ની કામગીરી કરવામાં આવેલ અને વહીવટી ચાર્જ વસુલ લેવામાં આવેલ છે.

અઠવા ઝોનના અઠવાગેટ થી રૂંઢ જકાતનાકા સુધી રોડના બંને સાઈટ પર, અલથાણ ભટાર તથા એલ બી સીનેમા થી અલથાણ રોડ સુધીનો મેઈનરોડ, સીટી લાઈટ મેઈન રોડ વિસ્તારમાં ખાણીપીણીની ૪૦ લારીઓ બંધ કરાવવામાં આવી. અખાદ્ય પદાર્થનો ૨૦ કિ.ગ્રાનો નાશ કરવામાંઆવ્યો. પાણીપુરીનું ૧૮૦ લી. પાણી નાશ કરાવ્યું. જવાબદાર ઈસમો પાસેથી રૂા. ૧૬,૭૫૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવ્યો તથા ૩૦ ઈસમોને નોટીસ આપવામાં આવી.

લિંબાયત ઝોનના જુદાજુદા વિસ્તારોમાં કામગીરી કરવામાં આવેલ જેમાં કુલ –૧૫ ખાણીપીણી લારી તથા પાણીપુરીની લારી ચેક કરવામાં આવેલ, જે પૈકી ૦૪ પાણીપુરીની લારીઓ બંધ કરવામાં આવી. ૨૩ કિ.ગ્રા.અખાદ્ય પદાર્થોનો નાશ કરવામાં આવ્યો અને રૂા. ૯,૮૫૦/– વહીવટી ચાર્જ પેટે વસુલ લેવામાં આવેલ. ૦૧ શાકભાજી માર્કેટ પણ ચેક કરવામાં આવી. કસુરવાર પાસેથી રૂા. ૧,૪૫૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવયો.

વરાછા ઝોનના વરાછા મેઈનરોડ, નાના વરાછા તથા મોટા વરાછામાં આરોગય વિષયક ચેકીંગ કરાવવામાં આવયું. આ કારગીરીમાં અખાદ્ય પદાર્થ ૧૭ કિલોનો નાર કરાવવામાં આવ્યો ૪૫૦ પાણીપુરીના પાણીનો નાશ કરવામાં આવ્યો. ૯૨ ઈસમો પાસેથી રૂા. ૭૦૦૦/– નો વહીવટી ખર્ચ વસુલ લેવામાંઆવ્યો, ૨૨ કિલો પ્લાસ્ટીક પણ જપ્ત કરવામાં આવ્યું.

TOP

## આરોગ્ય ખાતાની કામગીરી

મે. કમિશ્નરશ્રીના આદેશાનુસાર અને આરોગ્ય અધિકારીશ્રીના માર્ગદર્શન અને સુચના મુજબ તારીખ ૧૫–૦૬–૨૦૦૯ના રોજ મહાનગરપાલિકાના તમામ ઝોન વિસ્તારોમાં આવેલ ખાદ્ય પદાર્થ વેચાણ કરતી સંસ્થાઓ અને ખાણી–પીણીની લારીઓનું ઘનિષ્ઠ ચેકીંગ જે તે ઝોનના નાયબ આરોગ્ય અધિકારીશ્રી અને તેમના સ્ટાફ દ્વારા કરવામાં આવેલ. જેમાં આરોગ્ય વિષયક કાળજી ન લેનાર સંસ્થાઓ/ખાણીપીણીની લારીઓ સામે નીચે મુજબ કામગીરી કરવામાં આવેલ અને વહીવટી ચાર્જ વસુલ લેવામાં આવેલ છે.

રાંદેર ઝોનના પાલણપુર પાટીયા થી તાડવાડી જંકશન સુધીનો મેઈનરોડ, ધબકાર સર્કલ, અડાજણ પાટીયા થી નવયુગ કોલેજ સુધી, અડાજણ ગામ ચાર રસ્તાથી હજીરા જકાત નાકા સુધીનો રોડ વિસ્તારમાં ખાણીપીણી ની ૩૧લારીઓ બંધ કરાવવામાં આવી. અખાદ્ય પદાર્થનો ૧૭ કિ.ગ્રા.નો જથ્થો નાશ કરવામાં આવ્યો. જવાબદાર ઈસમો પાસેથી રૂા. ૨૯૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવ્યો તથા ૩૧ ઈસમોને નોટીસ આપવામાં આવી.

લિંબાયત ઝોનના જુદા–જુદા વિસ્તારોમાં કામગીરી કરવામાં આવેલ જેમાં કુલ–૪૮ ખાણીપીણી લારી તથા પાણીપુરીની લારી ચેક કરવામાં આવેલ, જે પૈકી ૦૯ પાણીપુરીની લારીઓ બંધ કરવામાં આવી. ૨૮ કિ.ગ્રા. અખાદ્ય પદાર્થોનો નાશ કરવામાં આવ્યો અને ૦૨ શાકભાજી માર્કેટ પણ ચેક કરવામાં આવી. રૂા. ૩૬૦૦/– વહીવટીચાર્જ પેટે વસુલ લેવાાં આવેલ.

સેન્ટ્રલ ઝોનના મકકાઈ પુલ એનીબેસન્ટ રોડ, ગોપીપુરા, કાજી હોટલ, સગરામપુરા ગાધી સ્મૃતિ ભવન રોડ, આર.ટી.ઓ. ડચ ગાર્ડન, અઠવાગેટ, મજુરાગેટ વિસ્તારમાં આરોગ્ય વિષયક ચેકીંગ કરાવામાં આવ્યું.આ કામગીરીમાં અખાદ્ય પદાર્થ ૪ કિલોનો નાશ કરાવવામાં આવ્યો. ૩૫ પાણીપુરીની લારીઓનું ચેકીંગ કરાવવામાં આવ્યુ, પ્લાસ્ટીકની બેગ –૫૫૦ ગ્રામ જપ્ત કરવામાં આવ્યો. ૨૮ ઈસમોને નોટીસ આપી, તેઓ પાસેથી રૂા. ૨૯૦૦/– નો વહીવટી ખર્ચ વસુલ લેવામાં આવ્યો.

TOP